SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section,
Main Office, 1st Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Re-Accredited Grade'**A**' by NAAC

## પરિપત્ર :–

સંદર્ભ :– (૧) બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીગની સભાની તા.૧૦–૦૩–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ૧૧૪, અને ૧૭૯
(૨) સિન્ડીકેટ સભાની તા.૧૫–૦૩–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ૨૫

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે આપની કોલેજોમાં / ભવનોમાં ફરજ બજાવતા પીએચ.ડી. માર્ગદર્શનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સંદર્ભ (૧) અને (૨)ને ધ્યાને લઈ શૈક્ષણીક વર્ષ ૨૦૧૫–૧૬ થી અમલ કરવા વિનંતી છે.

બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીગની સભાની તા.૧૦–૦૩–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ૧૧૪, અને ૧૭૯ સિન્ડીકેટ સભાની તા.૧૫–૦૩–૨૦૧૬ નો મંજૂર થયેલ ઠરાવ ક્રમાંક ૨૫ નીચે મુજબ છે.

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પી.એચડી. માર્ગદર્શકશ્રીઓને પ્રિ–વાઈવા ના ટી.એ.ડી.એ.ની ચુકવણી માટે બી.યુ.ટી.ની તા.૧૦–૦૩–૨૦૧૬ ની સભામાં નીચે મુજબ ઠરાવ થયેલ હતો.

**" આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ – ૧૮૩ – ૭(એ) માં સુધારો કરી ટી.એ./ડી.એ. સંદર્ભમાં પી.એચડી. વાઈવા ની સાથે પ્રી– પી.એચડી. વાઈવા શબ્દ ઉમેરવા સિન્ડીકેટ ને ભલામણ કરવી. "**

**આ ઠરાવને સિન્ડીકેટ સભાની તા.૧૫–૦૩–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ૨૫ થી મંજૂર કરવામાં આવેલ છે.**

(૨) પીએચ.ડી. ના વિદ્યાર્થીઓની વધારાની ટર્મ મંજુર કરવા બી.યુ.ટી.ની તા.૧૦–૦૩–૨૦૧૬ ની સભામાં નીચે મુજબ ઠરાવ થયેલ હતો.

" આથી ઠરાવામાં આવે છે કે, જે વિધાર્થીઓના પીએચ.ડી. નોંધણીના ૭ વર્ષ પુર્ણ થઈ ગયા છે અને મુદત લંબાવવા માટે અરજી કરી છે તેવા વિધાર્થીઓની મુદત લંબાવવા માટે માન.કુલપતિશ્રી દ્રારા **Case to Case** વિધાર્થી અને તેના માર્ગદર્શકશ્રી સાથે મુલાકાત કરી **Case** ની મૂલવણી કરવામાં આવે અને ગુણવતા ના આધારે નિર્ણય ની તારીખ થી વધુમાં વધુ ૬ માસ લંબાવવા માટે મંજૂરી આપવા માટે માન.કુલપતિશ્રીને સતા આપવા માટે સિન્ડીકેટ ને ભલામણ કરવી."

" આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી વર્ષથી કોઈપણ પીએચ.ડી. વિધાર્થીની મુદત વધારવામાં આવશે નહિ તેની માર્ગદર્શકશ્રીઓને જાણ કરવી."

" આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવે પછી થી પીએચ.ડી. વિધાર્થીની સત્ર ફી માર્ગદર્શકશ્રી દ્રારા પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવે તો જ સ્વીકારવાની રહેશે."

આ ઠરાવને સિન્ડીકેટ સભાની તા.૧૫–૦૩–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ૨૫ થી મંજૂર કરવામાં આવેલ છે.

પીએચ.ડી.ની રજીસ્ટ્રેશનના ૭ વર્ષની મુદત બાદની મુદત લંબાવવા માટે પીએચ.ડી. સંશોધનકાર્યની પ્રગતિના આધારો પરીપત્રની તારીખથી એક મહિનામાં રજુ કરવાના રહેશે. આ બાબતની જાણ માર્ગદર્શક કે વિદ્યાર્થીને અલગ પત્રથી કરવામાં આવશે નહી.

પીએચ.ડી.ના વિદ્યાર્થીની સત્ર ફી ફોર્મ, પીએચ.ડી.ના માર્ગદર્શકશ્રી દ્વારા પ્રગતિ અહેવાલ આપ્યા બાદ જ પીજીટીઆર વિભાગ / ભવન ખાતે સ્વીકારવામાં આવશે.

ઉપરોક્ત બાબતો સબંધીતોને ધ્યાને મુકવાની રહેશે.

કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/પીએચ.ડી./૧/૧૪૮-૭/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૩૦/૦૪/૨૦૧૬

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ.....
(૨) યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઈનચાર્જશ્રીઓ....
(૩) યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાના નિયામકશ્રીઓ.....

નકલ રવાના:–
(૧)માન. કુલપતિશ્રીના / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) કોમ્પ્યુટર સેન્ટર, " **Pre Presentation TADA, Ph.D. Term Extention Progress Report** " અંતગર્ત વેંબસાઈટના સરકર્યુલરમાં પ્રસિધ્ધ કરવા.